# BUSINESS મિત્ર

### ફેડ રેટમાં 25 પૈસા વ્યાજદર વધતા શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી

# BSE વીકલી એક્સપાયરીએ સેન્સેક્સ-નિફ્ટીમાં મિશ્ર વલણ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 17:** અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં 25 બેસીસ પોઈન્ટનો વધારો કરતા ભારતીય શેરબજારમાં બેઉતરફી વધઘટ રહી હતી અને છેલ્લે સેન્સેક્સ અને નિફ્ટીમાં સામસામી રાહ જોવા મળી હતી. આ ઉપરાંત, યુએસ હાઉસ રિપ્રેઝન્ટેટિવ્ઝ રશિયા પ્રતિબંધોનું બિલ 262થી 159 દ્વારા પસાર કર્યુ હતું, જે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને રશિયન ઓઈલ અને ગેસ ખરીદતા દેશો પર 100 ટકા સુધીના ટેરિફ લાદવાની સત્તા આપે છે, જેની અસર ભારત પર રહેશે.

ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો થવાના કારણે વૈશ્વિક બજારમાં સીધી અસર જવા મલી હતી. આજે બીએસઇ વીકલી એકસપાયરી હોવાના કારણે બેઉતરફી વધઘટ જોવા મળી હતી. છેલ્લે સેન્સેક્સ-નિફ્ટીમાં સામસામી રાહ જોવાઇ હતી.

સેકટર વાઇઝ જોઇએ તો ફાર્મા, રિયલ્ટી અને મીડિયા શેરોમાં સુધારો થયો હતો, જ્યારે ખાનગી બેન્ક, પીએસયુ બેન્ક અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં ઘટાડો થયો હતો.

બીએસઇ સેન્સેકસ 21.86 પોઇન્ટ એટલે કે 0.03 ટકા ઘટીને 74314.59 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેકસ 74677 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74163 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 53 પોઇન્ટ એટલે કે 0.23 ટકા વધીને 23250 પોઇન્ટની સપાટી કુદાવીને 23270.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23363 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23193 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 236.70 પોઇન્ટ એટલે કે 0.42 ટકા ઘટીને 56055.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એલાઇડ બ્લેન્ડર્સમાં 26.68 ગણા, એબીબી ઇન્ડિયામાં 12.39 ગણા, નિપ્પોન લાઇફમાં 5.68 ગણા, બર્ગર પેઇન્ટસમાં 5.42 ગણા, ટેનેકો કલીન એર ઇન્ડિયામાં 3.6 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઇન્ડિયા સિમેન્ટમાં 26.47 ગણા, પીબી ફિનટેકમાં 5.42 ગણા, પીએનબી હાઉસીંગમાં 4.8 ગણા, પ્રાઇમ ફોકસમાં 4.22 ગણા, ટેગા ઇન્ડસ્ટ્રીમાં 3.81 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.07 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.13 ટકા ઘટયો હતો, જેના પગલે માર્કેટ બ્રેડથ નેગેટિવ રહ્યો હતો. બીએસઇ ખાતે 1990 શેરો વધ્યા હતા, જ્યારે 2344 શેરો ઘટયા હતા, જ્યારે કુલ 253 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ફાર્મા ઇન્ડેકસ 1.66 ટકા વધ્યા હતા. જેમાં આલકેમ લેબ, ડો. રેડ્ડીઝ લેબ, ગ્લેન્ડ ફાર્મા, અરોબિન્દો ફાર્મા, લ્યુપીન, વોકહાર્ટ, ઝાયડસ લાઇફ સાયન્સીસ, મેનકાઇન્ડ ફાર્મા, લોરસ લેબ્સ અને ડીવીસ લેબ્સ વધ્યા હતા.

વૈશ્વિક બજારોમાં ફેડરલ રિઝર્વના નીતિગત નિર્ણયને પગલે વોલસ્ટ્રીટ ગઇકાલે નીચલા સ્તરે રહ્યા બાદ આજે અમેરિકન બજારો પોઝિટિવ ખુલવાના સંકેત છે. યુરોપિયન બજારોમાં સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યું હતું. રોકાણકારોએ ફેડના રેટ વધારો કર્યો હતો, જ્યારે ક્રુડ ઓલના ભાવમાં ઘટાડો કર્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.51 ટકા, કેક 0.25 ટકા અને ડેક્સ 0.65 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.05 ટકા, હેંગસેંગ 0.58 ટકા, કોસ્પી 0.04 ટકા અને શાંઘાઇ 0.41 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.44 ટકા, તાઇવાન 0.095 ટકા અને જકાર્તા 0.40 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

## શરૂઆતમાં તૂટેલા રૂપિયામાં નજીવો સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 17:** ફેડરલ રિઝર્વે વ્યાજદર વધાર્યા બાદ રૂપિયો તૂટીને 96ની સપાટી કુદાવીને 96.11 સુધી ઘટ્યો હતો, જોકે, છેલ્લે રૂપિયો સુધરીને બંધ રહ્યો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 3 પૈસા સુધરીને 95.93ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.96ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.26, પાઉન્ડ 127.90, કેનેડિયન ડોલર 68.52, ઓસ્ટ્રેલિયન ડોલર 68.10, જાપાનીઝ યેન 0.6157 અને સીંગાપોર ડોલર 74.94ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.93 રૂ. |
| યુરો | 110.26 રૂ. |
| પાઉન્ડ | 127.90 રૂ. |
| યેન | 0.6157 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -21.86 | 74314.59 |
| નિફ્ટી | 53.00 | 23270.60 |
| બેન્ક નિફ્ટી | -236.70 | 56055.75 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| HDCF લાઇફ | 5.05 | 557.00 |
| ટીએમપીવી | 4.49 | 314.50 |
| એસબીઆઇ લાઇફ | 4.06 | 1766.90 |
| ડો. રેડ્ડીઝ લેબ | 3.07 | 1175.00 |
| ભારત ઇલે. | 2.51 | 395.45 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઓએનજીસી | 1.85 | 232.43 |
| ટાઇટન કંપની | 1.38 | 4841.00 |
| એચડીએફસી બેન્ક | 1.18 | 713.00 |
| એચયુએલ | 1.01 | 1942.20 |
| કોલ ઇન્ડિયા | 1.01 | 418.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.82 | 188.00 |
| ભારત ઇલે. | 2.38 | 395.40 |
| ઇન્ટરગ્લોબ | 2.32 | 4854.00 |
| ઇટર્નલ | 2.24 | 323.90 |
| મારૂતિ સુઝુકી | 1.64 | 12389.95 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચડીએફસી બેન્ક | 1.30 | 713.00 |
| ટાઇટન કંપની | 1.14 | 4859.00 |
| ICICI બેન્ક | 1.03 | 1345.00 |
| એશબીઆઇ | 0.67 | 984.50 |
| ભારતી એરટેલ | 0.52 | 1827.50 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૦ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૧.૩૫ | ૫૦/૩૬ '' | ૧૫૭ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૮.૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૫ |
| ૬૮/૩૬ | ૧૬૫.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૯.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૧ | ૬૮ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૮.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૮.૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૬૦ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૫૦૦ |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૨૦૦ |
| એસ-૩૦ | ૫૧૦૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૮૫૦ |
| તેજાબી સોનું | ૧૫૭૭૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૯૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૪૬૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૮૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૪૦૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૨૦૦૦ |

# સોનાની કિંમત બમણી થઈને રૂ. 3.47 લાખ સુધી જવાનો અંદાજ

**વર્તમાન** કિંમત આશરે 130 ટકા ઉછળીને 10000 ડોલર સુધી પહોંચી શકે : જેફરીઝ

મુંબઇ, તા. 17: સોનાના ભાવમાં વધુ વધારો થઇ શકે છે, એમ જેફરીઝે જણાવતા ઉમેર્યુ હતું કે, સોનાની કિંમત વધીને 10000 ડોલર પ્રતિ ઔંસ થઇ શકે છે. જે વર્થમાન સ્તરથી 130 ટકાનો વધારો થશે.

જેફરીઝના ગ્લોબલ હેડ ઓફ ઇક્વિટી સ્ટ્રેટેજી ક્રિસ વુડે એક મુલાકાત દરમ્યાન કહ્યું હતું કે, 10000 ડોલર પ્રતિ ઔંસનું સ્તર શક્ય છે. તેમના જણાવ્યા અનુસાર યુએસ બોન્ડ યીલ્ડને નિયંત્રિત કરવાનો પ્રયાસ ડોલર નબળો પડી શકે છે. આનો લાભ સોનાને મળી સકે છે.

આ વર્ષે જાન્યુઆરીમાં સોનાની કિંમત 5589 ડોલર પ્રતિ ઔંસ સર્વકાલીન ઉંચી સપાટીએ પહોંચી ગઇ હતી. આ પછી તે નરમ થઇ ગયું છે. યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં 25 બેસીસ પોઇન્ટનો વધારો કર્યા પછી પ્રારંભિક વેપારમાં સોનુ 0.88 ટકા ઘટીને 4348.90 ડોલર પ્રતિ ઔંસ પર બંધ થયું હતું.

જો સોનુ 4349 ડોલર પ્રતિ ઔંસથી 10000 ડોલર સુધી પહોંચે છે, તો તે લગભગ 130 ટકા વધશે એટલે કે સોનાની કિંમત હાલના સ્તર કરતા લગભગ 2.3 ગણી હશે. ભારતમાં એમસીએક્સ પર સોનુ હાલમાં 10 ગ્રામ રૂ. 1.51 લાખ રૂપિયાની આસપાસ છે. જો ભારતમાં ફણ ડોલર સોનાની તુલનામાં સોનાની કિંમત લગભગ 130 ટકા વધે છે, તો એમસીએક્સ પર કિંમત 10 ગ્રામ દીઠ રૂ. 3.47 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે.

વુડ કહે છે કે, બજારને વહેલા અથવા પછીથી સમજવું પડશે કે યુએસ ફેડરલ રિઝર્વ પાસે વ્યાજ દરમાં ખુબ વધારો કરવાની ક્ષમતા નથી. તેમના જણાવ્યા મુજબ અમેરિકી રાજકોષીય ખાધ એટલી ઉંચી છે કે દેશ માટે ઉંચી બોન્ડ યીલ્ડને હેન્ડલ કરવી મુશ્કેલ બનશે.

વુડના જણાવ્યા અનુસાર જો યુએસ બોન્ડ યીલ્ડને નિયંત્રિત કરે છે, તો તે ડોલરમાં લાંબાગાળાની નબળાઇ તરફ દોરી શકે છે. તેમનું માનવું છે કે ઉભરતા બજારના શેરો અને સોના માટે સારા સમાચાર હશે. તેમના મતે ડોલરની લાંબા ગાળાની નબળાઇથી ભારતને ફાયદો થઇ શકે છે. આનું કારણ એ છે કે ભારતમાં પરિવારો માટે મોટી માત્રામાં સોનુ છે.

વુડે એમ પણ કહ્યું કે, ભારતમાં ગોલ્ડ લેન્ડીગ માર્કેટ ઝડપથી વધી રહ્યું છે. જેના કારણે ઘરોમાં રાખેલું સોનું ધીમે ધીમે બજારના ઉપયોગમાં આવી રહ્યું છે.

વુડે જણાવ્યું હતુ કે, જો યુએસ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ કેવિન વોર્શ ખરેખર નાણાકીય નીતિને કડક બનાવે છે અને લાંબા સમય સુધી દર વધારો થશે. ઉપરાંત જો ફેડની બેલેન્સશીટમાં મોટા પ્રમાણમાં ઘટાડો કરવામાં આવે છે, તો તેમનો અંદાજ ખોટો સાબિત થઇ શકે છે. તેમના જણાવ્યા અનુસાર આવી કડક નીતિથી ડોલર મજબૂત થશે. આનાથી બોન્ડ માર્કેટમાં મોટી તેજી આવી શકે છે. તેનાથી વિપરીત સોનાના ભાવ પર દબાણ રહેશે અને અમેરિકન શેરબજાર પર ઘણી નકારાત્મક અસરો પડી શકે છે.

# યુપીઆઇ પરના એમડીઆરથી પેટીએમને બમ્પર લાભ થશે: ગોલ્ડમેન

**ઇબીટામાં** 70 ટકા સુધીનો ઉછાળો જોવાશે, શેરની કિંમત રૂ. 2500ને પાર નીકળશે

મુંબઇ, તા. 17: રૂપિયા 2000થી વધુની યુપીઆઇ પેમેન્ટ વસુલવાની જાહેરાત કરવામાં આવી છે. આ ચાર્જ મર્ચન્ટસ પર અસર કરશે, પરંતુ પેમેન્ટ એગ્રીગેટર પેટીએમને ફાયદો થઇ શકે છે. એવો અંદાજ છે કે તેની પેરેન્ટ કંપની વન 97 કોમ્યુનિકેશન્સને ઇબીટામાં 40થી 70 ટકા સુધીનો વધારો જોવા મળી શકે છે, એમ ગોલ્ડમેન સાક્સે જણાવતા કહ્યું કે, પેટીએમના શેરમાં ઝડપી ઉછાળો આવી શકે છે અને નજીવા સમયગાળામાં રૂ. 2500ને વટાવી દેવાની સંભાવના છે. નેશનલ પેમેન્ટ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાએ એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, રૂપિયા 2000થી વધુના પર્સન ટુ મર્ચન્ટ ટ્રાન્ઝેકશન પર 0.4 ટકા એમડીઆર વસુલવામાં આવશે. જ્યારે પર્સન ટુ પર્સન ટ્રાન્ઝેકશન મફત રહેશે. રૂપિયા 75000થી વધુના ટ્રાન્ઝેકશન માટે એમડીઆરની મહત્તમ મર્યાદા રૂ. 300 નક્કી કરવામાં આવી છે, જ્યારે રેલવે, ટેલિકોમ, વીમા, બળતણ અને ખેતીની વસ્તુઓ માટે તે રૂ. 5 નક્કી કરવામાં આવ્યા છે. મ્યુચ્યુઅલ ફંડસ, સિક્યોરિટીઝ અને સ્ટોકબ્રોકર પેમેન્ટ માટે એમડીઆર 0.02 ટકા અને મહત્તમ મર્યાદામાં રૂપિયા 300 રહેશે.

ગોલ્ડમેન સાક્સના જણાવ્યા અનુસાર નવુ એમડીઆર ઉદ્યોગ માટે આશરે રૂ. 20600 કરોડનો નવો રેવન્યુ પુલ બનાવી શકે છે, જ્યારે કેટલાક અહેવાલોમાં તેનો અંદાજ રૂ. 16000 કરોડ છે. આ સંદર્ભમાં પેટીએમ અંગે અહેવાલમાં લખ્યું છે કે, પેટીએમ માટે ટોપ ડાઉન અને બોટમ અપ બંનેના વિશ્લેષણમાં નાણાકીય વર્ષ 2028માં કંપનીની ઇબીટા લગભગ રૂ. 1400 કરોડનો વધારો કરી શકે છે. જોકે, સ્પર્ધાના દબાણને કારણે આ વધારો ઓછો હોઇ શકે છે. પેટીએમના શેર સંદર્ભમાં 24 વિશ્લેષકોમાંથી 18 વિશ્લેષકોએ બાય રેટિંગ આપ્યું છે. જ્યારે છ વિશ્લેષકોએ હોલ્ડ કહ્યું છે, જે દર્શાવે છે કે, પેટીએમમાં કમાણીની તક છે. જ્યારે કેટલાક નિષ્ણાતોએ લક્ષ્યાંક વધારીને રૂ.2200 કર્યો છે, જે તેની આઇપીઓની કિંમત કરતા વધુ છે. આમ, જો આ ટાર્ગેટ પર પહોંચશે અને રૂ. 2150ની ઉપર જશે તો પ્રથમ વખત આઇપીઓ પ્રાઇસથી બહાર નીકળશે. કંપનીનો આઇપીઓ રૂ. 2150ના ભાવે આવ્યો હતો અને તે રૂ. 1955ના ભાવે લિસ્ટેડ થયો હતો. ત્યારબાદ નીચલા સ્તર બનાવતો ગયો છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી બાઉન્સ બેક થઇ રહ્યો છે. જેમાં રોકાણકારોને કમાણીની તક મળી શકે છે.

# ક્રુડ ઓઇલના ભાવ સતત ઘટીને 102 ડોલર થઇ ગયા

**સાઉદી** અરેબિયાની પાઇપલાઇન પુનઃ શરૂ થતા ભાવો ઘટ્યા

નવી દિલ્હી, તા. 17: ક્રુડ ઓઇલના ભાવમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. એવા સંકેત છે કે મીડલ ઇસ્ટમાં સપ્લાલ પરનું દબાણ કંઇક અંશે હળવું થઇ શકે છે. આનું મુખ્ય કારણ સાઉદી અરેબિયાની એક મહત્વપુર્ણ પાઇપલાઇનના કેટલાક ભાગને ફરીથી શરૂ કરી દેવાયું છે.

બ્રેન્ટ ક્રુડ 102 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગયો હતો. જેમાં 2.7 ટકાનો ઘટાડો થયો હતો. સાઉદી અરેબિયા આગામી કેટલાક દિવસોમાં તેની પુર્વ-પશ્ચિમ પાઇપલાઇની લગભગ અડધી ક્ષમતાને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

સાઉદીની પાઇપલાઇન ડ્રોન હુમલા બાદ બંધ કરવામાં આવી હતી, જેને ધીમે ધીમે રાબેતામુજબ ચાલુ કરવામાં આવી રહી છે. સાઉદીએ એશિયન રિફાઇનરીઓને વધુ ક્રુડ વેચ્યુ છે, તેને હોર્મુઝની બહારના સ્થળોએ પહોંચાડવામાં આવી રહ્યું છે.

આ વર્ષે ક્રુડ ઓઇલના ભાવમાં 70 ટકાથી વધુનો વધારો થયો છે. આનાથી ફુગાવાનું દબાણ વધશે. આ દબાણને ધ્યાનમાં રાખીને યુએસ ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં વધારો કર્યો હતો. ફેડ એ કડક થવાના વધુ સંકેતો આપ્યા છે. જોકે, આજરોજ ચિત્ર બદલાયું છે, શેરબજારમાં વધારો થયો હતો, બીજી તરફ, યુએસ ટ્રેઝરી યીલ્ડ અને ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર, જો પાઇપલાઇન લાંબા સમય સુધી બંધ રહેશે તો વિશ્વના લગભગ ચાર ટકા તેલ પુરવઠાને અસર થઇ શકે છે.

# ઇમામીમાં બાયબેકની મંજુરીને પગલે ઉછાળો જોવાયો

મુંબઇ, તા. 17: નવરત્ન, બોરોપ્લસ, ઝંડુ, કેશ કીંગ અને ફેર એન્ડ હેન્ડસમ જેવી બ્રાન્ડસની માલિકી ધરાવતા ઇમામીના બોર્ડે શેરના બાયબેક પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. બાયબેકની આ ઓફરથી ઇમામીના શેરમાં વધારો થયો અને 7 ટકાથી વધુ ઉછળ્યો હતો. કેટલાક રોકાણકારોએ આ વધારાનો ફાયદો ઉઠાવ્યો હતો, જે ઉપલા સ્તરેથી ઘટ્યો હતો. બીએસઇ પર ઇમામીના શેરનો ભાવ 3.57 ટકા વધીને રૂ. 382.65 પર ટ્રેડ કરી રહ્યો છે. ઇન્ટ્રાડેમાં 7.27 ટકા ઉછળીને રૂ. 396.30ના સ્તરે પહોંચી ગયો હતો.

કંપનીએ રૂ. 282 કરોડના ઇક્વિટી શેરના બાયબેકને મંજુરી આપી હતી. કંપનીએ એકસચેન્જ ફાઇલીંગમાં માહિતી આપી હતી કે આ બાયબેક ઓપન માર્કેટમાં કરાશે. એટલે કે બાયબેક માટે કોઇ કિંમત નક્કી કરવામાં આવશે નહીં. કંપનીએ મહત્તમ કિંમત રૂ. 475 નક્કી કરી છે.

### સુડોકુ ૬૬૩૯ 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૮ | ૯ | ૫ | ૬ | ૪ | | |
| ૪ | | ૬ | ૨ | ૩ | | ૮ | ૯ | |
| | | | | ૪ | | ૬ | ૧ | |
| | | ૯ | | | ૫ | ૨ | ૩ | |
| ૭ | ૧ | | ૩ | | | ૫ | ૬ | |
| | | | ૧ | ૬ | | ૭ | ૪ | ૯ |
| ૮ | ૨ | ૭ | | | ૯ | ૩ | | |
| | ૪ | | | ૨ | | | ૮ | |
| ૯ | ૬ | | ૫ | | | ૧ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ચર્મરોગ અને લીમડો**

લીમડો ચામડીના રોગો માટે પસંદગીનું દ્રવ્ય છે. લીમડાના ફૂલ ની ઋતુમાં ફૂલ ભેગા કરી તેમાંથી ગુલકંદ - મુરબ્બો બનાવી દર્દીને ખાવા આપતા.

## આજનું પંચાંગ

**તા. 18/09/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ભાદરવો
**તિથિ:** સુદ: સાતમ: 13:01, જ્યેષ્ઠાગૌરી પૂજન
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવા: 27
**યોગ :** પ્રીતિ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** જ્યેષ્ઠા :22:46 સુધી જન્મેલાની જ્યેષ્ઠા અને તે પછી મૂળની શાંતિ કરાવવી
**રાશિ:** વૃશ્ચિક (ન,ય) 22:46 ધન (ભ,ધ,ફ,ઢ)
**દિવસ :** સામાન્ય- મહાલક્ષ્મીવ્રતારંભ-મંગળ કર્કમાં: 16:36થી
**સુરતમાં સૂર્યોદય :** 06:27 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:38
**નવકારસી :** 07:15
**પારસી વર્ષ :** 1396 અરદીબેહેસ્ત માસનો 05મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448, રબિઉલ આખર માસનો 06ઠો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે : 10.30થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ખાવા-પીવાથી પેટની સમસ્યા થઇ શકે છે. માટે ગુણવત્તાપૂર્ણ ખોરાક લેવો. વિવાદ ટાળવો.

**વૃષભ (બ,વ,ઉ,):** પારિવારિક ધંધામાં નફો વધશે. પ્રેમવિવાહમાં પરિવારનો સાથ મળે. ઘરમાં મોજશોખની વસ્તુ આવે.

**મિથુન (ક,છ,ઘ,):** વધુ પડતા કામનો બોજ અને માનસિક પીડા આરોગ્યની સમસ્યા પેદા કરે. બીજાની વાતોમાં આવવું નહીં.

**કર્ક (ડ,હ,):** પોતાનાં બાળકો અને સ્વજનોની સમસ્યાનું નિરાકરણ મનને શાંતિ આપશે. ભાગ્યનો સાથ મળે. આવક વધે.

**સિંહ (મ,ટ,):** વધુ પડતો આત્મવિશ્વાસ ભારે પડે. કામનો બોજ વધશે. મિલકત બાબતે વિવાદથી અશાંતિ પેદા થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** સમાજીક પ્રભાવ વધે. જીવનસાથીનો સાથ મળે. વિદ્યાર્થીઓને નવુ શીખવા અને સંશોધનમાં સફળતા મળે.

**તુલા (ર,ત,):** ઉઘરાણી આવી શકે છે. વિવાદ કરનારથી દૂર રહેવું. ધંધામાં આવક વધે. પ્રેમમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** વહીવટીક્ષેત્રે સફળતા મળે. નવું શીખવા મળે. શુભ સમાચારથી ઉત્સાહ વધશે. નવી તક મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આરોગ્યનું ધ્યાન રાખવું પડશે. ઉતાવળમાં કોઈ નિર્ણય લેવા નહી. બિન જરૂરી ખર્ચા પર કાબૂ રાખવો.

**મકર (ખ,જ,):** આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. મોજ-શોખ બાબતે પ્રવાસનું આયોજન થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** ઉત્સાહજનક પ્રગતિ થાય. ધંધામાં આવક વધે. નોકરીમાં નવી તક મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** માર્કેટીંગ, શિક્ષણ, કાયદા અને વિદેશ તથા સાહિત્યને લગતાં કામ પાર પડે. આવક વધશે.

### કોઈ પણ સાલમાં 18 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતુ આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરીમાં પ્રમોશન થાય. ધંધામાં આવક વધે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા સમાજ વગેરેમાં હરીફોની હેરાનગતિ વધશે. સામાજિક પ્રવૃત્તિમાં અપજશ મળે. પારિવારિક સમસ્યા વધશે. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં સામાન્ય રહે. મિત્રોનો સાથ આવક વધારવાની યોજનામાં મળે. સરકારી કામ-કોર્ટ- કચેરીમાં વિલંબ થાય. ઉંમર-લાયકના વિવાહ થાય. પ્રેમ- વિવાહમાં સફળ રહે. વિદેશના કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વડીલોનો સાથ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ- એપ્રિલ તથા ઓક્ટોબર-નવેમ્બર, મંગળ- ગુરુવાર, 09,18, 27 તારીખે નવા કામ કરવાં, લાલ રંગનો ઉપયોગ કરવો. ડિસેમ્બર, જાન્યુઆરી, બુધ-શનિવાર, 08,17, 26 તારીખે નવાં કામ ટાળવાં. સફેદ અને ભૂરા રંગનો ઉપયોગ ટાળવો. મંગળવારના ઉપાય કરતા રહેવું.


**ગુજરાતમિત્ર ટચૂકડી** — ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ — મંગળવાર, શુક્રવાર, રવિવાર — હવે શબ્દ દીઠ ₹૯ +(GST) — ઓછામાં ઓછા ૧૨ શબ્દો — : જાહેરખબર આપવા માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**વ્યવસાયીક ધંધાકીય**

**વુલન સ્વેટર,** રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી-શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**CM PEST CONTROL** લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**ઘરબેઠા તાત્કાલિક** LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**PRESIDENT PEST CONTROL** 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી** ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**હિંચકાના કડાંવાલા** કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**જૂના બંધ AC** લેવામાં આવશે. જૂના 2 વ્હીલર 4 વ્હીલર બંધ હાલત માં લેવામાં આવશે. 6351459536, 6358258722

**નવકાર વોટર પ્રુફિંગ** 25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (319)

**મિલ્કત વેચવાની છે**

**NA Plan Pass** 12 વિંઘા જમીન વેચવાની છે ગામ: પંડવાઈ (કોસંબા) 9687580001

**2.15 વિંઘા** ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામ ટેના રાંગ સુરત. Mo. 9687580001

**સુરત ડાયમંડ બુર્સ** ઓફિસ વેચવાની છે. Mo. 9687580001

**ખેતી લાયક** 42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ MO. 9687580001

**વેચવાની છે** જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ કાળા વ્યારા, કણજા. Mo. 9687580001

**પ્લોટ વેચવાનો છે** ૨૨૫ વાર સારી સોસાયટી ન્યુ સિટીલાઈટ Mo. 9825109400

**મિલ્કત ભાડે -વેચાણ**

**પ્લોટ- શેડ** ભાડે/ વેચાણ આપવાનો છે, વોટરજેટ-એરજેટ અને ટેક્સટાઈલ લાયક, Cetp સુવિધા સાથે તૈયાર પ્લોટ,શેડ, લોકેશન: ભાટિયા ટોલ પાસે અને ગલુડા એક્સપ્રેસ-વે, પલસાણા, 9213661311

**નોકરી વિષયક** WANTED

**ગુજરાતી વિષય** માટે ટીચર જોઈએ છે, પર્વત પાટિયા પ્રાથમિકતા શાળામાં 9909919489

**જોઈએ છે** એકાઉન્ટન્ટ માટે લેડીઝ આકર્ષક પગાર આપવામા આવશે. કતારગામ સુરત. 9909980485, 9909980486

**જોઈએ છે,** હેલ્પર, સેલ્સમેન, રેડીમેઈડ દુકાન માટે, ભાગળ, સુરત, 8460438090

**વોચમેન જોઈએ** છે. આશા કલર્સ. આશા હાઉસ, બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ સામે, 21st સેન્ચ્યુરી બિઝનેસ સેન્ટર, રીંગરોડ સુરત.

**અડાજણમાં શેર** બજારના કામ માટે લેડીઝ સ્ટાફની જરૂર છે. 9725746108

**શિક્ષકો જોઈએ છે** બાલભવન, ધોરણ 1થી 5માં હિન્દી, ગુજરાતી વિષય માટે અને ધોરણ 6થી 8માં ગુજરાતી, હિન્દી, સા.વિ. અને કોમ્પ્યુટર વિષય લઈ શકે તેવા યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી. જ્ઞાનયોગ વિદ્યાસંકુલ, સત્યનારાયણ સોસાયટી, કાપોદ્રા, વરાછા રોડ, સુરત. મો. 9909507402

**વ્યવસાયીક યાત્રા-પ્રવાસ**

**ઉજ્જૈન ઓમકારેશ્વર** 2- દિવસ 25 સપ્ટેમ્બર. ગોવા 6- દિવસ. 9, 11 નવેમ્બર, લાલબાગ રાજા જયેશભટ્ટ. 9909888622

**સ્વપ્ન ટ્રાવેલ્સ** 53 વર્ષમાં પ્રવેશ, ચારધામ- બદ્રીનાથ, કેદારનાથ, યન્મૌત્રી, ગંગૌત્રી, તારીખ- 10/10, દિવસ-15. દિવાળીમાં પ્રવાસો (1) દક્ષિણ ભારત, શ્રીશૈલમ, હૈદ્રાબાદ, તિરૂપતિ, રામેશ્વર, કન્યાકુમારી, ઉંટી. દિવસ- 14. તારીખ- 11/ 11, 24/ 11 (2) જગન્નાથપુરી, કામાખ્યાદેવી, દાર્જીલિંગ, ગેંગટોક, નેપાળ. તારીખ- 11/ 11, દિવસ- 19, દિવસ-12, (3) બનારસ, અયોધ્યા, મનોકામના, નેપાળ, ગયાજી, તારીખ- 11/ 11, દિવસ- 12 (4) ભૂતાન. તારીખ- 10/ 12, 05/ 01, દિવસ- 8. (5) રોયલ કાશ્મીર, વૈષ્ણોદેવી. તારીખ- 15/ 01, 16/ 02. દિવસ- 11. -દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934

**Dinesh Tours N Travels** નવેમ્બર - ડિસેમ્બર પેકેજ @ કેરાલા - રામેશ્વરમ - મદુરાઈ - કન્યાકુમારી. દિ. ૧૦ @ કશ્મીર - અમૃતસર. દિ. ૧૦ @ દાર્જીલિંગ - લાચુંગ - પેલિંગ - ગંગટોક. દિ. ૯ આરામદાયક હોટલ બ્રેકફાસ્ટ - ડિનર સહિત વધુ માહિતી માટે સંપર્ક કરો :- ૯૦૩૩૯૯૭૦૨૮, ૯૮૭૯૬૭૭૦૨૮, ૯૪૨૬૧૦૨૩૫૮

**સાગર 9427113317,** લાલબાગ, સિધ્ધિવિનાયક, દગડુશેઠ, અષ્ટવિનાયક, દીપાવલીમાં રાજસ્થાન, જેસલમેર, જયપુર,

**ઓમશિવ ટ્રાવેર્લ્સ** 26- સપ્ટેમ્બર, અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલીંગ, પંઢરપુર, કોલ્હાપુર. 16થી 23 મુંબઈ લાલબાગ ગણપત્તિ, સિધ્ધિવિનાયક, દિવાળી પ્રવાસો (દક્ષિણ ભારત) (જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર) (હરિદ્વાર, મથુરા, વૃન્દાવન, બરસાણા) ખરવરશેરી, ભાગળ, સુરત. 9537838949, 9327199997

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828** ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.